# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-10-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM EKTA PRAKASH PARVA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નર્મદામાં એકતાનગર ખાતે એકતા પ્રકાશપર્વનો શુભારંભ કરાવશે. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 151-મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે આગામી 15 જાન્યુઆરી 2027 સુધી પ્રકાશપર્વની ઉજવણી કરાશે. આ દરમિયાન એકતાનગરનો 7.6 કિલોમીટરનો વિસ્તાર વિવિધ થીમ આધારિત લાઈટિંગથી ઝળહળી ઉઠશે.

# NAVRATRI SEVENTH DAY

શારદીય નવરાત્રિના સાતમા દિવસે આજે આદિશક્તિનાં સાતમા સ્વરૂપ માઁ કાલરાત્રિની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. માઁ કાલરાત્રિનું સ્વરૂપ અત્યંત દિવ્ય છે. ચાર ભુજાઓ ધરાવતાં માઁ કાલરાત્રિનાં ડાબા હાથમાં તલવાર અને વરદમુદ્રા છે અને તેમનો જમણો હાથ હંમેશાં અભય મુદ્રા અને વરદ મુદ્રામાં હોય છે. દેવીનું આ સ્વરૂપ અત્યંત રૌદ્ર અને ભયાનક છે, પરંતુ તેઓ હંમેશાં પોતાનાં ભક્તોને શુભ ફળ આપે છે. તેના કારણે તેમને શુભંકરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

# GARBA OVERALL

રાજયભરમાં નવરાત્રિની ભવ્ય ઉજવણી થઈ રહી છે. દરમિયાન ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી દર્શના વાઘેલા ગઈકાલે ગાંધીનગરમાં કેસરિયા ગરબામાં સાંસ્કૃતિક ઉત્સવમાં સહભાગી થયા હતા.

ભરૂચમાં માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ ફેલાવવા રોડ સેફ્ટી નવરાત્રિ અભિયાન હાથ ધરાયું. પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી - RTO દ્વારા નવરાત્રિ દરમિયાન શરૂ કરાયેલા અભિયાન અંતર્ગત RTOના અધિકારીઓ અને કર્મચારીઓ ખેલૈયાઓ અને દર્શકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા પ્રેરિત કરી રહ્યા છે. આ અંગે ભરૂચના ARTO પી. આર. પઢિયારે વધુ માહિતી આપી.

(BYTE: P. R. PADHIYAR, ARTO, BHARUCH)

તો, જામનગરમાં એક ગરબા મંડળ દ્વારા ગત 66 વર્ષ જૂની ધાર્મિક અને ઐતિહાસિક પાત્ર પર આધારિત દાંડિયા રાસની પરંપરા આજે પણ ઉજવવામાં આવી રહી છે. આ અંગે ગરબી મંડળના સભ્યએ વધુ માહિતી આપી.

(BYTE: JAMNAGAR, GARBI MANDAL)

તો, મોરબીમાં વર્ષ 1982-83થી યોજાતી પ્રાચીન શક્તિચોક ગરબીએ અનેરું આકર્ષણ જમાવ્યું. આ વખતે પહેલી વાર અહીં થયનમ રાસ રજૂ કરાયો. તેને જોવા મોરબી સહિતના આસપાસના લોકો આવ્યા હતા.

અમદાવાદનાં નગરદેવી ભદ્રકાળી મંદિરમાં નવરાત્રિના સાતમા દિવસે આજે સવારથી ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે.

# BRC GIDC BLAST

ભરૂચમાં વાગરાની સાયખા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDCમાં આવેલી એક ખાનગી કંપનીમાં વિસ્ફોટ થતાં પાંચ શ્રમિકના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, દુર્ઘટના સમયે કંપનીમાં અંદાજે 20 શ્રમિક કામ કરી રહ્યા હતા. દરમિયાન વિસ્ફોટના કારણે ઈજાગ્રસ્ત પાંચ જેટલા શ્રમિકોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડાયા છે. ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગની ટુકડીએ આ દુર્ઘટના અંગે તપાસ હાથ ધરી છે. બીજી તરફ, દુર્ઘટના બાદ તંત્ર દ્વારા કંપનીને તાત્કાલિક અસરથી કામગીરી બંધ કરવાની નૉટિસ અપાઈ છે.

# JAPAN PARA ASIAN GAMES

રાજ્યનાં દિવ્યાંગ ટેબલ ટેનિસ ખેલાડી સોનલ પટેલે પાંચમી પેરા એશિયન ગેમ્સમાં જાપાનનાં ખેલાડી એકયામા યુકાને ત્રણ-શૂન્યથી પરાજય આપ્યો. જાપાનના નાગોયામાં આયોજિત પેરા એશિયન ગેમ્સમાં સોનલ પટેલે જાપાનનાં ખેલાડીની 11-6, 11-7 અને 11-3થી મ્હાત આપી.